# સખાવત વીષે ટુંક ખુલાસો.

કુદરતના રાદી કામોમાં સખાવત એક ઘણું જરૂરનું તેમજ ઘણું પુનનું કામ છે. સખાવત એટલે પૈસાવાલા માણસોએ પૈસાની મદદથી ગરીબ માણસો જેઓ કુદરતી કાયદે પોતાના ગયા ભવોનાં ખોટાં કર્મોને આધારે પૈસા તેમજ મોટી મુશ્કેલી તથા આફતોમાં આવ્યાં હોય, તેઓને લાયક વખતે ઘટતી મદદ કરી તેમાંથી બચાવવાં તેને સખાવત કહે છે. સખાવત એટલે પારકાનું પોતાથી બને તેટલું ભલું કરવાનું કામ. સખાવત ખરાં દીલથી અને દયાની લાગણીથી કરવી. સખાવત ઘણી રીતે થાય છે. પૈસાવાલા પૈસાની સખાવત કરે છે, જ્ઞાની પુરૂષો જ્ઞાન વગરનાંઓને જ્ઞાનની બક્ષેશ કરે છે, મહાન ધર્મગુરૂઓ દીની કાયદાઓ પોતાની કોમના લોકોને સમજાવી તેઓને જે કુદરતી રાહે-રાસ્ત રસ્તો છે તે બતાવી ખોટાં કામો કરતાં અટકાવે છે વગેરે. સખાવત પ્રમાણીકપણે ખરી રીતે કમાયલા પૈસાનીજ થવી જોઇએ, કે જેથી તેનું પરિણામ સખાવત કરનારને કુદરત તરફથી સારૂં મલે. બદ દયાનતથી એટલે લુટફાટ, ચોરી, અપ્રમાણીકપણું કરીને, યા વિશ્વાસઘાત કરીને, એટલે પોતાના વિશ્વાસપર કારોબાર ચલાવવા કોઇના સોંપેલા પૈસા ખાઇ જઇને, યા રેસ, સટ્ટા, જુગારમાં પેદા કરીને, યા ધંધા વેપારમાં કોઇબી રીતે દગો કરીને, અથવા જોઇએ તે કરતાં લોકો પાસે જબરજસ્તીથી બેહદ પૈસા લઇને વગેરે વગેરે ખોટે રસ્તેથી મેળવેલા પૈસાની સખાવતનું પરિ-ણામ ભવિશમાં સારૂં આવતું નથી, કારણ કે કુદરતમાં હદ અને ઈન્સા-

ફનો કાયદો સંપુર્ણ રીતે કામ કરી રહયો છે. એક ચીજ જે મુળમાંથી નીકળે તેજ મુળમાં પાછી જવાનો જે કુદરતી કાયદો છે, તે કાયદે સારા કામનું પરિણામ હરહમેશ સારૂંજ આવે છે અને ખરાબ કામનું પરીણામ ખરાબજ આવે છે, એમ જરૂર બા જરૂર યાદ રાખવું.

**સખાવત** હમેશાં પહેલાં આપણાં નજદીકનાં સગાં વાહાલાં જેઓ પૈસા વગર મુશ્કેલીમાં આવ્યાં હોય તેઓને જરૂર કરવી, કારણ કે કેશાશને કાયદે યાને એક બીજા તરફ આપ લે કરવાના કાયદે કુદરતે બીજાં શખ્સો કરતાં તેઓને આપણાં ઘણાં નજદીકના સમાગમમાં સગાં તરીકે એ કારણસર મુકેલાં છે, કે આપણે તેઓના કરજદાર છીએ, તેથી તેઓને પહેલાં જરૂર સખાવતનો લાભ આપવાથી આપણી ફરજનું કરજ જલદી અદા (પુરૂં) થઇ જાય છે. પછી આપણી કોમના બીજા ગરીબ લાચારોને મદદ કરવી, કારણ કે જે કોમમાં ખોદાએ આપણને જન્મ આપ્યો તે કોમનું ખેંચાણ થવું જોઇએ પછીજ બીજી કોમના લાચારોને મદદ કરવી.

**સખાવતનાં કામો** જેવાં કે:—દુખ દરદથી જે ગરીબ લાચારો પીડાતાં હોય તેઓને વાસ્તે હોસ્પીટલ યા આશ્રમો સેનેતેરીયમો બાંધી ડાકટર તથા દવાદારૂની મદદ કરી આશરો આપવો. ગરીબ લાચારોને રહેવાને વાસ્તે સસ્તાં ભાડાંના સુખવાસી મકાનો બંધાવી આપવાં. વિધવા લાચાર બાનુઓ જેઓ પોતાનું ગુજરાન કરવા તદન અશકત હોય તેની હાલત તપાસી તેઓને ઘટતી મદદ કરવી. કોમના ટુંક કમાઇવાલાં ઘણાં બચરવાળ લાચારોને પોતાની થોડી આવકને લીધે જેઓ ગુજરાન કરી શકતા ન હોય તેઓના બચ્ચાંને મદદ કરવી. આંધળાં, લુલાં તેમજ અશકત બુઢાં માણસોને ખાવા પીવાનું, રહેવાનું, કપડાં વગેરે પુરૂં પાડવું. કોમના લાચાર છોકરા છોકરીઓને નવજોત, લગ્ન કરી અપાવવાં. મા બાપ વગરના બાલકો જેઓનું પાલન પોશણ કરનારૂં કોઇ ન હોય તેઓને મદદ કરવી. લાચારોને મરણ પછી ચાર દીવસની તેમજ બીજી ક્રીયાનો ઘટતો ખરચ પુરો પાડવો. પાણીની જ્યાં ગામડાઓમાં તંગી પડતી હોય ત્યાં લાચાર માણસો તેમજ ગાય ઢોરોને વાસ્તે કુવા બંધાવી આપવા. આગ, રેલ, દુકાળ, ધરતીકંપ, વગેરે ન ધારેલી આફતો દેશ પરદેશોપર આવ્યાથી લોકો લાચારીમાં આવી પડે તેઓને મદદ કરવી. દીન ધર્મના પાક મકાનો આતશે વરાહરાન યાને આતશ બેહેરામ, તેમજ અગીઆરીના નીભાવોની જ્યાં જરૂર હોય ત્યાં મદદ કરવી. દોખમાંને લગતાં કામમાં મદદ કરવી. દીન ધર્મની કેળવણી કોમમાં

નાનપણુથીજ બચ્ચાંઓને આપી જેમ બને તેમ વધારે ફેલાવી કોમના આચાર, વીચારો, તથા રહેણી કરણી પોતાના રવાનની વૃદ્ધિના આબાદી ભરેલાં રહે તેવાંજ કેળવણીનાં કામમાં મદદ કરવી. જેઓ રજકરોજી વગરના હોય તેવાં ગરીબોને રોજીએ લગાડવા તેમજ તેને લગતાં લાયક રોજીના ખાતાંઓ ખોલવાં, તેમજ અશકત જાનવરોને ઘાસચારા વગેરેની મદદ કરવી વગેરે વગેરે જે કામો રાદી હોય યાને જેનાથી કુદરતમાં ખરાબ પરિણામો આવે નહી યાને રૂહાંની વૃદ્ધિમાં ફાયદો થાય તેવાંજ કામોમાં મદદ કરવી.

સખાવત જીવતાં જીવતજ પોતાના હાથે જાતે બનતાં સુધી જરૂર કરવી. મરણ પછી વીલમાં (વસ્યતનામામાં) દર્શાવવા પ્રમાણે યા વીલ વગર કોઇબી તેના પૈસાનો વહીવટ કરે તો તેનું ફળ જેના પૈસા હોય તેને ૧/૧૭ જેટલું ફકત મળે અને બાકીનું ૧૬/૧૭ જેટલું ફળ તેના મરણ બાદ તેના પૈસાના વહીવટ કરનારને મળે છે. માટે સખાવતનાં કામોને પુરતો બદલો પોતાનેજ મળે તેમ જીવતાં જીવત હાથે જાતે પુન્નું કામ કરી લેવું.

દરેક માણસે બનતાં સુધી પોતાની ગુંજાસ પ્રમાણે પોતાની આવક યાને કમાઇમાંથી દર મહીને બને તેટલું થોડું યા ઘણું બાજુએ કાઢી કોઇબી ઉપલાં દર્શાવેલાં કામો માટે જરૂર બા જરૂર મદદ કરવી એ કુદરતમાં તેનાં કામમાં મદદ તરીકે ઘણું મોટું પુન્નું કામ કહેવાય છે, કારણ કે કુદરતનો તમામ કારોબાર એકબીજાની મદદથીજ (Co-operation) ચાલી રહયો છે. માટે કુદરતના કામમાં મદદ કરવા સારૂ પૈસાવાળા માણસોએ પોતાનુંજ ભલું ન જોતાં ગરીબ લાચારોનું પણ ભલું કરવામાં બને તેટલી જરૂર મદદ કરવી.

"ખરૂં સુખ તેને છે કે જેનાથી બીજાંને સુખ મળે" એમ ઉશ્તવદ ગાથામાં ખુલ્લું જણાવેલું છે. સખાવત કરતી વખતે ખુબ યાદ રાખી મનમાં વીચારવું કે-અએ સૃષ્ટીના પેદા કરનાર દાદાર હોરમજદ ! જે કાંઇ ભલાં કામમાં પૈસો ખરચાય તે પૈસો તારીજ નવાજેશ (બક્ષેસ) છે. મારૂં રતીભાર પણ પોતાનું તેમાં નથી. 'તુંજ' સર્વને સર્વની કરણી પ્રમાણે લાયકને લાયક બક્ષે છે, અને હું તો માત્ર કમીની મારેફત છું કે જેનાથી 'તુંજ' એકબીજાને મદદ કરાવે છે. એવા ઘણાજ ખાકસારીના પોતે કાંઇજ ચીજ નથી એવા વીચારો કરવા. આ સખાવત મેં કીધી, અને મારાથીજ આ થયું, અને હું નહી આપતે તો શું થતે, વગેરે વગેરે મગરૂરી, મોટાઇ, કે હુપણું કોઇબી રીતે ગમે તે બાબદમાં જરાપણ

કરવું નહી અને લોકોમાં જરાપણ દેખાવ કરવો નહી, તેમજ જ્યારે કોઇ ગરજવંત ગરીબ, લાચાર માણસ કાંઇ મદદ માંગવા આવે ત્યારે તેને ધીકકારી કાઢી કાંઇપણ અપમાન ન કરતાં નમ્રતાથીજ હમેશાં વાત કરવી, અને બને તો કાંઇ મદદ કરવી, અને ન બને તો દીલગીરી બતાવવી. આજે કેટલાક લોકો અરધી પણ નહી આપતાં બીચારાં ગરીબ લાચાર માણસોને તરેહવાર અપમાન ભરેલું બોલે છે તેમ કદીબી કરવું નહી, કારણ કે આપણે બીલકુલ જાણતા નથી કે આપણી પોતાની ચહડતી સારી હાલત ભવીશમાં ચાલુ જીંદગીમાં તેમજ હવે પછીના આવતા જન્મમાં સારી રહેશે કે ખરાબ રહેશે તેનો ખુબ ડર રાખી ચાલતા વખતમાં સદાકાળ ખાકસારીથી જીંદગી ગુજારવા ખુબ યાદ રાખવું, કારણ કે ઘણા તવંગરો. તેમજ બીજાઓ ખાકસારી નહી રાખવાથી કુદરતની ઘણી મોટી ખફગીમાં (નાપસંદગીમાં) આવી પાયમાલ થયા છે.

હાલમાં સખાવતનો સદ ઉપયોગ જેવો જોઇએ તેવો થતો નથી. જેઓ ખરેખરા લાચાર હાલતમાં છે તેઓની દાદ ફર્યાદ લેવાતી નથી, અને જ્યાં જેઓને મદદની કાંઇ જરૂર નથી તેવાઓને ફંડોમાંથી યા બીજીગમથી, લાગે વગે યાહોમ મદદ મળતી જાય છે. માટે લાયકને લાયક મદદ મળે તોજ તેનું ફળ કુદરત તરફથી મળે, અને તે સખાવતનો ઘટતો ઉપયોગ કીધેલો કહેવાય. કેટલાક સખાવત કરનારા કોઇક ખાતાંમાં પૈસાની રકમ આપે છે પછી તેની દરકાર કરતા નથી કે તે આપેલી રકમનો કેવો ઉપયોગ થાય છે, માટે એવાં ખાતરીપુર્વક ખાતાંમાં તપાસ કરીને પૈસા આપવા કે જ્યાં તેનો ખરો લાયક ઉપયોગ થતો હોય.

સખાવત કરવામાં પારસી કોમના તવંગરોએ આજ કેટલી સદીઓ થયાં પોતાનો સખાવતી હાથ બહાર કાઢી પોતાની તેમજ પારકી કોમને અનેક રીતે લાભ આપ્યો છે, અને ચાલુ આપ્યા કરે છે, એ આપણી કોમની સારી નીશાની કહેવાય તેમાં કાંઇ શક નથી. હજારો શુક્ર કરીશું તે માલેકના કે કોઇબી રીતે કોઇ કોઇને મારેફત તરીકે ગરીબ લાચારોને મદદ કરવા માટે તેવા નરો આપણી કોમમાં મલે છે. હમદીન તવંગરો, કુદરતમાં મારેફત તરીકેની તમારી ફરજ સમજી હરેક પ્રકારે સદા પરમાર્થી જીંદગી ગુજારવાની તમોને જે તક મળે તો આ ચાલુ જીંદગીમાં પહેલી તકે તેવાં સારાં લાયક સખાવતના કામો કરી લેજો, કારણ કે

આવાં ઉમદાં કામો કરવાની તક કાંઇ પાછી આવતી નથી, અને આ દુન્યા છોડતી વખતે સખાવતનાં કામોની લાયકાત મુજબ તમારા રૂહનું ખુશખુશાલ શાંતી ભરેલું મુકામ મીનોઇ આલમમાં મેળવશો. કોઈ તવંગર જો પોતાની દોલતનો સદઉપયોગ જીવતાં જીવત નહી કરતાં તે મુકીને આ દુન્યા છોડી જાય છે, ત્યારે નક્કી માનજો કે તેને માથે કુદરતની મોટી જોખમદારી રહે છે, કારણ કે કુદરતની બક્ષેલી દોલતનો કશો સારો ઉપયોગ તેણે કીધો નહી, અને હવે પછીના આવતા ભવમાં આવા માણસો પૈસાના મોહતાજ રહેશે. ભલાં પરમાર્થી કામો કરવાને લોકો નેક બુધ્ધી કુદરત પાસેથી મેળવે એવી દુઆ ગુજારીશું તે આમીન થાઓ.

જર ન રહે, જોબન ન રહે, ન રહે ગામ, ન ઠામ,
કબીર જગમેં જશ રહે, કે કર દે કીસીકા કામ.

અર્થ:—સંત કબીરજી કહે છે કે અએ માનવી આપણી આ ટુંક વખતની જીંદગીમાં આપણો પૈસો, જુવાની, ગામ, ઠામ, સત્તા, હુંપણું વગેરે વગેરે કાંઈ આપણું કાયમનું રહેતું નથી, માટે આ થોડા વખતની બીન ભરોસેદાર જીંદગી તેમજ સર્વ ટુંક વખતના સુખનો ખ્યાલ કરી હમેશાં ગરીબ લોકોમાં બને તેટલાં પરમાર્થી કામો કરી લે, કે જેથી કરી કુદરતમાં તારૂં રવાનની વૃદ્ધિનું કામ નોંધાઈ રહે.

- Extract from the book titled: "Zoroastrian Life Procedure Code" - by B. B. Rivetna (pgs 290-294)